Extra No. 26

વાર્ષિક લવાજમનો દર રૂા.૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXI ] SATURDAY, JANUARY 18, 2020 / PAUSA 28, 1941**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-B**

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**જાહેરનામું**

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૦મી જાન્યુઆરી, ૨૦૨૦.

**ક્રમાંકઃ વનપ-૧૦-૨૦૧૮-૧૦૬૫૭૧-છઃ-** રાજ્યમાં ભીખ માંગવા પર પ્રતિબંધ મૂકવા માટે અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે ગુજરાત ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ-૧૯૫૯ અમલમાં છે. ગુજરાત ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ-૧૯૫૯ હેઠળની કલમ-૧(૩)માં કરવામાં આવેલ જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, રાજ્યના કોઈ વિસ્તાર માટે તે અર્થે નક્કી કરે તે તારીખે તે વિસ્તારમાં તે અમલમાં આવશે, તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

તદનુસાર, ગુજરાત ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ-૧૯૫૯ની કલમ-૧(૩) હેઠળ રાજ્યના જૂનાગઢ મહા નગરપાલિકા વિસ્તાર, ડાકોર (જિ.ખેડા), સિધ્ધપુર (જિ. પાટણ) અને પાલિતાણા (જિ.ભાવનગર) નગરપાલિકા વિસ્તાર તેમજ ચાંપાનેર (પાવાગઢ), બહુચરાજી (જિ.મહેસાણા) અને શામળાજી (જિ.અરવલ્લી) ગ્રામ પંચાયત વિસ્તારમાં ગુજરાત ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ-૧૯૫૯નો અમલ કરવાનો રહેશે.

આ અંગેનો અમલ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**જે. વી. દેસાઈ,**

સરકારના નાયબ સચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.